# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-07-2024** **Morning : 7.10 to 7.20**
**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

---

- **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ “મન કી બાત” કાર્યક્રમમાં ‘હરઘર તિરંગા’ અભિયાન અંતર્ગત લોકોને ત્રિરંગા સાથે સેલ્ફી અપલોડ કરવા અનુરોધ કર્યો.**
- **મુંદરા કસ્ટમ વિભાગે રાજકોટ સ્થિત વેપારી દ્વારા નિકાસ માટે લઇ જવાતા 110 કરોડ રૂપિયાના માદક દવાના જથ્થાને પકડી પાડ્યો.**
- રાજ્યમાં ચાંદીપુરા વાઇરસના કુલ કેસની સંખ્યા 131 થઈ. – મૃત્યુઆંક 53 થયો.
- **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે સાપુતારા મેઘ મલ્હાર પર્વ 2024નો પ્રારંભ કરાવશે.**
- ઉત્તર, મધ્ય ગુજરાત તેમ જ દક્ષિણ ગુજરાતનાં કેટલાંક જિલ્લાઓમાં આજે ભારેથી અતિભારે વરસાદની હવામાન વિભાગની આગાહી.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે આકાશવાણી પરથી મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચાર રજૂ કર્યા હતા. મન કી બાતની 112મી કડીમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે ઑલિમ્પિક આપણા ખેલાડીઓને વિશ્વ પટલ પર તિરંગો લહેરાવવાની તક આપે છે. તેમણે ખેલાડીઓનો ઉત્સાહ વધારવા દેશવાસીઓને અનુરોધ કર્યો હતો. શ્રી મોદીએ આંતરરાષ્ટ્રીય ગણિત ઑલિમ્પિયાડમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા બદલ દેશના વિદ્યાર્થીઓની સરાહના કરી.

પ્રધાનમંત્રીએ સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં હર ઘર ત્રિરંગા અભિયાન અંતર્ગત દેશવાસીઓના ઉત્સાહ અંગે વાત કરી હતી. પહેલાંની જેમ આ વર્ષે પણ 'harghartiranga.com' પર તિરંગાની સાથે પોતાની સેલ્ફી જરૂર અપલૉડ કરવા પણ અનુરોધ કર્યો હતો.

પ્રધાનમંત્રીએ માદક પદાર્થના દૂષણની વાત કરતાં કહ્યું કે, આવા પદાર્થો સામેની લડાઈમાં સરકારે શરૂ કરેલી માનસ સેવા અંતર્ગત એક ટોલ ફ્રી નંબર જાહેર કરાયો છે. જેના પર કૉલ કરીને કોઈ પણ આવશ્યક સલાહ લઈ શકે છે.

---------------------------------------------------------------------

-રીપીટ

# NAKLI DAVA

મુંદરા કસ્ટમ વિભાગે રાજકોટ સ્થિત વેપારી દ્વારા નિકાસ માટે લઈ જવાતા 110 કરોડ રૂપિયાના માદક દવાના જથ્થાને પકડી પાડ્યો હતો. મુંદરા કસ્ટમ વિભાગની સ્પેશિયલ ઈન્ટેલિજન્સ એન્ડ ઇન્વેસ્ટિગેશન બ્રાન્ચની ગુપ્ત બાતમી પરથી સક્રિય બનેલી કસ્ટમ અધિકારીની ટીમે 68 લાખ ગોળીનો આંતરરાષ્ટ્રીય બજારમાં 110 કરોડ રૂપિયાની કિંમતનો જંગી જથ્થો ઝડપી પાડ્યો હતો.

આ જંગી જથ્થો જપ્ત કરીને કસ્ટમ અધિકારીઓએ રાજકોટ, ગાંધીનગર તેમજ ગાંધીધામ સુધી તપાસ લંબાવી હતી.

------------------------------------------------------------------------

--પીટીસી કચ્છ અનિલ

-(NAVIN)

# CHANDIPURA

રાજ્યમાં ચાંદીપુરા વાઇરસથી વધુ એક બાળકનું મૃત્યુ થતાં કુલ મૃત્યુઆંક વધીને 53 થયો છે અને વધુ કેસ નોંધાતા કુલ કેસની સંખ્યા 131 થઈ છે.

રાજ્યના આરોગ્ય વિભાગની યાદીમાં જણાવ્યા પ્રમાણે, અત્યાર સુધીનાં કુલ કેસોમાં સૌથી વધુ 15 કેસ પંચમહાલમાં નોંધાયા છે. જ્યારે સાબરકાંઠા અને અમદાવાદ શહેરમાં 12-12 અને અરવલ્લી, ખેડા અને મહેસાણા જિલ્લામાં સાત-સાત કેસ નોંધાયા છે.

વાઇરલ એન્કેફેલાઇટિસથી અત્યાર સુધી પંચમહાલમાં 6, અમદાવાદમાં પાંચ, રાજકોટમાં ચાર અને અરવલ્લી, બનાસકાંઠા જિલ્લામાં ત્રણ-ત્રણ બાળકોનાં મૃત્યુ થયા છે.

આરોગ્ય વિભાગની ટીમોએ 43 હજાર 414 ઘરોમાં સર્વેલન્સની કામગીરી કરી છે.

-------------------------------------------------------------------

---યાદી અનિલ

-(NAVIN)

# CM Saputara

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે સાપુતારા મેઘ મલ્હાર પર્વ 2024નો પ્રારંભ કરાવશે.

રાજ્યનું ડાંગ જિલ્લાનું ગિરિમથક સાપુતારા ચોમાસાની આ ઋતુમાં સોળે કળાએ ખીલી ઉઠ્યું છે. ગુજરાત સહિત દેશ-વિદેશના અનેક લોકો વર્ષાઋતુમાં પ્રકૃતિમાં સૌંદર્યને નિહાળવા અહીં આવે છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા આજથી એક મહિના સુધી સાપુતારા મેઘ મલ્હાર પર્વ 2024નું આયોજન કરાયું છે.

આ ઉપરાંત સાપુતારા આવતા પ્રવાસીઓ શબરીધામની પણ મુલાકાત લે છે. સુબીર ગામથી પૂર્વ દિશામાં આશરે ત્રણ કિ.મી.ના અંતરે શબરીધામ આવેલું છે. જે સ્થળનો ભગવાન રામ સાથે ખાસ સંબંધ છે. અને આ જ સ્થળે ભગવાન રામ અને શબરીની મુલાકાત થઈ હોવાનો ઉલ્લેખ રામાયણમાં છે.

શબરીધામ ખાતે યાત્રાળુઓની સુવિધા માટે 10 કરોડ રૂપિયાના ખર્ચે વિકાસ કાર્યો હાથ ધરાયા છે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા પ્રથમ તબક્કાના ચાર કરોડ 89 લાખ રૂપિયાના કામો પૂર્ણ થયા છે જેમાં યાત્રી નિવાસ, ભોજનશાળા, શૌચાલયો વગેરેનો સમાવેશ થાય છે.

---

-રીપીટ

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# RAIN

રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યું છે. ગઈકાલે રાજ્યના 72 તાલુકામાં હળવોથી મધ્યમ વરસાદ નોંધાયો હતો. સત્તાવાર આંકડા મુજબ, સૌથી વધુ એક ઈંચ વરસાદ સાબરકાંઠાના વિજયનગર અને ઈડર તાલુકા, આણંદના પેટલાદ, નવસારીના વાંસદામાં વરસ્યો હતો. આ સિવાયના તમામ તાલુકામાં હળવો વરસાદ નોંધાયો હતો.

ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી અને મધ્ય ગુજરાતના પંચમહાલ, દાહોદ, મહીસાગર અને છોટાઉદેપુરમાં તેમ જ દક્ષિણ ગુજરાતના નર્મદા અને તાપીમાં આજે ભારેથી અતિભારે વરસાદની આગાહીના પગલે હવામાન વિભાગે ઓરેન્જ અલર્ટ જાહેર કર્યું છે. જ્યારે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, ખેડા તેમ જ અમદાવાદ સહિતના જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહીના પગલે યલો અલર્ટ જાહેર કર્યું છે...

વડોદરા નજીક વડસરની એક સોસાયટીમાં ફસાયેલાં સાત જેટલા લોકોને રાષ્ટ્રીય આપદા પ્રતિભાવ દળ – N.D.R.F.એ ગઈકાલે સલામત રીતે બહાર કાઢ્યા હતા. છેલ્લા 3 દિવસમાં વિવિધ વિસ્તાર અને વિશ્વામિત્રી નદીના પૂરના કારણે અસરગ્રસ્ત થયેલા 262 લોકોને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા છે.

દેવભૂમિ દ્વારકામાં છેલ્લા 30 વર્ષના સરેરાશ વરસાદની સાપેક્ષે 140 ટકા વધુ વરસાદ નોંધાયો છે. ભારે વરસાદની સ્થિતિ પગલે કુલ 59 જેટલા લોકોની બચાવ કામગીરી તેમ જ 303 જેટલા લોકોનું સ્થળાંતર કરાયું હતું. જિલ્લામાં અનરાધાર મેઘવર્ષા બાદ જનજીવન સામાન્ય બન્યું છે.

---

-(હિન્દુસ્થાન સમાચાર – પ્રવેશ)

-(NAVIN)

# PURAK PARIKSHA PARINAM

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી એસએસસી, સંસ્કૃત પ્રથમાની પૂરક પરીક્ષાનું પરિણામ આજે જાહેર થશે. આ ઉપરાંત ઉચ્ચતર માધ્યમિકના ધોરણ બાર વિજ્ઞાન પ્રવાહ, સમાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી  પ્રવાહ અને સંસ્કૃત મધ્યમાની પૂરક પરીક્ષાનું પરિણામ આજે જાહેર થશે. પૂરક પરીક્ષાનું પરિણામ આજે બપોરે બાર વાગે બોર્ડની વેબસાઇટ પર જાહેર થશે

---------------------------------------------------------------------

-રીપીટ

# CUET-UG

દેશની સેન્ટ્રલ યુનિવર્સિટીઓમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે મે મહિનામાં લેવાયેલી કોમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ એટલે કે CUET-UGનું પરિણામ ગઈકાલે જાહેર થયું છે. રાજ્યમાંથી 6 હજાર 822 વિદ્યાર્થીએ નોંધણી કરાવી હતી, જે પૈકી 4 હજાર 695 વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી.

ગાંધીનગરમાં આવેલી સેન્ટ્રલ યુનિવર્સિટી ઉપરાંત ગૂજરાત વિદ્યાપીઠ સહિતની કેટલીક યુનિવર્સિટીએ CUETના આધારે પ્રવેશ આપવાની જાહેરાત કરી હતી. વિવિધ 28 વિષય માટે આ પરીક્ષા લેવાઈ હતી.

---

----- ડેસ્ક અનિલ

-(NAVIN)

# JAMNAGAR-CPR TRAINING

જામનગર જિલ્લા હોમગાર્ડઝના ૨૦૦ થી વધુ હોમગાર્ડના જવાનોને રેસ્કયુ., સીપીઆર., ડિઝાસ્ટર અંગેની તાલીમ આપવામાં આવી હતી.. રાહત કમિશનરની કચેરી., મહેસુલ ભવન., ગાંધીનગર અને જામનગર મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે ઈન્ટરનેશનલ રેસ્કયુ ટ્રેનર ત્રિલોકકુમાર ઠાકર તથા પ્રાથમિક સારવાર ટ્રેનર શુભમ શાહ અને તેઓની ટીમ દ્વારા આ તાલીમ આપવામાં આવી હતી..

વિવિધ પધ્ધતિઓ દ્વારા જીવન રક્ષક સાબિત થાય તેવી કામગીરી બજાવવાની  આ હોમગાર્ડ જવાનોનો તાલીમ અપાઇ હતી..

----------------------------------------------------------------------

-રીપીટ

# Raxabandhan-kutchh

પ્રેમના પ્રતિક સમાન રક્ષાબંધન તહેવારને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે ટપાલ વિભાગ દ્વારા રક્ષાબંધનના તહેવારને લઇને ખાસ વોટરપ્રુફ કવર તૈયાર કરવામાં આવ્યા છે.

અમારા ભુજના પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે કે  વરસાદી માહોલ વચ્ચે રાખડી માટેના કવર પલળી જવાની સાથે તેમાંની રાખડી પણ પલળી જાય તેમ હોઇ રક્ષાબંધન અવસરે  પોસ્ટ ઓફિસમાં વોટરપ્રૂફ કવર ઉપલબ્ધ કરાવાયા છે.

---------------------------------------------------------------------

- હેમંગ પટણી /રૂપલ

-(NAVIN)

# AHMEDABAD RAILWAY STATION INSPECTION

ભારતીય રેલવે બૉર્ડના સભ્ય અનિલકુમાર ખંડેલવાલે અમદાવાદ રેલવે સ્ટેશન પર ચાલી રહેલા પુનઃર્વિકાસ કાર્યોની કામગીરીની સમીક્ષા કરી હતી. ઉપરાંત તેમણે વટવામાં આવેલા C.P.O.H. કાર્યશાળા, ગાર્ડ રનિંગ રૂમ તથા લૉબીનું પણ નિરીક્ષણ કરી લોકો-પાયલટ સાથે મુલાકાત કરી હતી.

શ્રી ખંડેલવાલે અમદાવાદ સ્ટેશન પર R.L.D.A.ના અધિકારીઓ અને અમદાવાદ મંડળના અધિકારીઓ સાથે બેઠક યોજી અમદાવાદ સ્ટેશનના પુનઃર્વિકાસ કાર્યની સમીક્ષા કરી હતી. દરમિયાન તેમણે સંબંધિત અધિકારીઓને કામ ઝડપથી પૂર્ણ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

------------------------------------------------------------------------

-(હિન્દુસ્થાન સમાચાર – પ્રવેશ)

-(NAVIN)

# Demonstration of games

ગુજરાત સરકારના રમતગમત વિભાગ દ્વારા ઓલિમ્પિક રમતોત્સવ દરમિયાન રાજ્યમાં વિવિધ રમતગમત પ્રવૃતિઓ અને સ્પોર્ટ્સ અવેરનેસ કેમ્પેઈનનું આયોજન કરવામાં આવ્યું છે.

ઓલિમ્પિક રમતો દેશના ઉભરતા ખેલાડીઓને પ્રેરણા પૂરી પાડે છે અને દેશમાં રમતગમત ક્ષેત્રે નવી પ્રતિભાઓને પ્રોત્સાહન પૂરું પાડે છે ઓલિમ્પિક ગેમ્સ દરમિયાન આવા જ એક અભિયાનના ભાગરૂપે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ગુજરાત સરકારના રમતગમત વિભાગ દ્વારા અમદાવાદમાં સિંધુ ભવન રોડ પર આવેલી અમદાવાદ રેકેટ એકેડમીના સહયોગથી ટેનિસ અને બેડમિન્ટન રમતનું ડેમોસ્ટ્રેશન તેમજ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ ડેમોન્સ્ટ્રેશન અને સ્પર્ધામાં ખેલાડીઓએ ઉસ્તાહપૂર્વક ભાગ લીધો હતો. લોકોએ રમતોના ડેમોન્સ્ટ્રેશનને રસપૂર્વક નિહાળ્યું હતું.

---------------------------------------------------------------------

- Dd ન્યુસ/રૂપલ

-(NAVIN)

# NARMADA GRAHAK SURAKSHA BETHAK

નર્મદા જિલ્લાનાં કલેક્ટર શ્વેતા તિવેતિયાની અધ્યક્ષતામાં આવતીકાલે કલેક્ટર કચેરી ખાતે નર્મદા જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાશે. આ બેઠકમાં પુરવઠા અંગે નિયમિતતા અને ચકાસણી, જિલ્લા અને તાલુકાવાર, યોજનાદીઠ રાશનકાર્ડ, જાહેર વિતરણ યોજના હેઠળ નર્મદા જિલ્લામાં થયેલા વિતરણ અંગેની સમીક્ષા કરાશે.

ઉપરાંત જિલ્લા કલેક્ટરશ્રી મદદનીશ નિયંત્રક કાનૂની માપ વિજ્ઞાન તેમ જ ભરૂચ અને નર્મદા ગ્રાહક સુકક્ષા અધિકારીઓની કચેરી દ્વારા કરાયેલી કામગીરી, ભરૂચના ડેઝીગ્નેટેડ ઑફિસર ખોરાક અને ઔષધી નિયમનતંત્ર તરફથી ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-2006 હેઠળ કરાયેલી કામગીરી, ગ્રાહક સુરક્ષાના કેસની સમીક્ષા કરશે.

---------------------------------------------------------------------

- HINDUSTHAN SAMACHAR – PRAVESH.

-(NAVIN)